# રાજ્યમાં કોરોનાના વિક્રમી ૧૫૪૦ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૧૪ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૭૪૮૦૭૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૮૩૭૫૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૫

ભારતમાં તહેવારો પછી કોરોના વાયરસનો કહેર વધતો જાય છે. આમ તો રિપોર્ટ અનુસાર ભારત કોરોના વેક્સીનની અત્યંત નજીક પહોંચી ચૂક્યું છે. હવે બસ ઈમર્જન્સી અપ્રૂવલ મળી જવાની રાહ જોવાઈ રહી છે. એકબાજુ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ઈમર્જન્સી અપ્રૂવલ માટેની કોશિશમાં લાગી છે તો બીજી બાજુ કોરોનાનું સંક્રમણ વધું ફેલાતું અટકાવવા પંજાબ અને ગુજરાત જેવા રાજ્યોમાં અમુક શહેરોમાં તો નાઈટ કર્ફ્યૂ પણ લગાવવામાં આવ્યો છે. ૨૪ કલાકમાં દિલ્હીમાં સૌથી વધુ ૬૨૨૪ કેસ તેમજ ૫૪૩૯ કેસ સાથે મહારાષ્ટ્ર બીજા નંબરે છે તો ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૧૫૪૦ કેસ સાથે કોરોનાનો કુલ આંકડો પણ ૨૦૧૯૪૯ થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૯૧,૪૫૯ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૭૪,૮૦,૭૮૯ થયો છે. રાજ્યમાં ૧૫૪૦ નવા દર્દીઓ સામે ૧૨૮૩ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૮૩,૭૫૬ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૪૦૭.૬ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૯૪,૬૦૭ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪,૯૪,૪૭૫ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૩૨ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૪૨૮૭ એક્ટિવ કેસ છે. જેમાંથી ૯૬ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે.

જ્યારે ૧૪૧૯૧ની સ્થિતિ સ્ટેબલ છે. તહેવારો પછી રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં આજરોજ કોવિડ ૧૯ના કારણે કુલ ૧૪ વ્યક્તિઓના દુ:ખદ મોત નીપજ્યાં છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૯ મોત, બોટાદ અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧, સુરત કોર્પોરેશનમાં ૨ અને અમદાવાદમાં ૧ મોત નોંધાયા છે. જેથી રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૪ મોત નીપજ્યાં છે.

### કોરોના ઈફેક્ટ

- શામળાજી મંદિર ૨૭મીથી ચાર દિવસ માટે બંધ. કાર્તિકી પૂર્ણિમાનો પરંપરાગત મેળો રદ કરાયો.
- ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ કોરોનાથી સંક્રમિત.
- સાબરકાંઠાના હિંમતનગર અને ઈડરમાં ૧૦થી ડિસેમ્બર સુધી બપોર બાદ બજારો બંધ રહેશે.
- વિદેશ જવા માટે જરૂરી આરટીપીસીઆર ટેસ્ટનો સરકાર ચાર્જ લેશે.
- મહાનગરોમાં રાત્રિ કરફ્યુ સિવાય શનિ-રવિના દિવસના કરફ્યુની હાલ કોઈ વિચારણા નથી.
- અમદાવાદના નિર્માણ સંકુલમાં એક જ દિવસમાં ૪૧ કેસ.
- ખેડાના કઠલાલ-ફાગવેલનો મેળો રદ કરાયો.
- નડીયાદ સંતરામ મંદિર બહાર રેપીડ એન્ટીજન ટેસ્ટ માટે લાંબી કતારો.
- અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ૫૩૪ નવા બેડની વ્યવસ્થા ઉભી કરાઈ.
- સુરતમાં એક જ દિવસમાં ૧૭,૦૩૮ ટેસ્ટ થયા.



આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સાથે શુભેચ્છા મુલાકાત કરતા ઓસ્ટ્રેલિયન હાઈકમિશનર બેરી ઓ'ફેરેલ, કુ. સારાહ રોબર્ટસ, એ/જી કોન્સ્યુલ જનરલ, મુંબઈ અને ટ્રિસ્ટન કોન્સ, ફસ્ટ સેક્રેટરી (ઈકોનોમિક), નવી દિલ્હી.

# કોરોના દર્દીને શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરવા સરકાર સજ્જ

## ૩૦મી સુધીમાં ૪૦૦ થી વધુ બેડ સહિતની નિર્માણાધિન કિડની હોસ્પિ. કોરોના દર્દીની સારવાર માટે ખૂલ્લી મુકાશે : નીતિન પટેલ





અમદાવાદ,તા.૨૫

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે મંજુશ્રી મીલ કંપાઉન્ડમાં નિર્માણાધીન કિડની હોસ્પિટલની મુલાકાત લીધી હતી. અમદાવાદ શહેરમાં વધી રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી આ બિલ્ડીંગને કોવિડ દર્દીઓની સારવાર માટે ૩૦ મી નવેમ્બર સુધીમાં કાર્યરત કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ઉમેર્યુ કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દિઘર્દ્રષ્ટિના કારણે મેડિસીટી કેમ્પસમાં કાર્યરત કિડની, કેન્સર અને હ્રદયરોગની હોસ્પિટલમાં શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે. જેને આગળ ધપાવવા સિવિલ મેડિસીટીનું વિસ્તૃતિકરણ કરીને મંજુશ્રી મીલ કંપાઉન્ડમાં કિડની હોસ્પિટલને કાર્યરત કરી એશિયાની સૌથી મોટી હોસ્પિટલ બનાવવાના નરેન્દ્ર મોદીનું સ્વપ્ન ટૂંક સમયમા સાકાર થશે. મંજુશ્રી મિલ જે વર્ષોથી બંધ પડી હતી તે જમીનનું રાજ્ય સરકાર દ્વારા સંપાદન કરીને સ્વાસ્થ્ય સુખાકારીમાં વધારો કરવા આ કંપાઉન્ડમાં કિડની અને આંખની હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ હતું. અમદાવાદ મેડિસીટી સ્થિત કિડની હોસ્પિટલમાં વર્ષ દરમિયાન ૫૦૦ થી વધારે કિડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે. દેશભરમાંથી અમદાવાદ સિવિલ સંકુલની કિડની હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓનો ઘસારો રહે છે. જેને ધ્યાનમાં રાખીને તેનું વિસ્તૃતીકરણ કરવામાં આવ્યુ હોવાનું પટેલે ઉમેર્યુ હતું. અમદાવાદ સિવિલ મેડિસીટીમાં આવેલી કિડની હોસ્પિટલ સહિતની અન્ય હોસ્પિટલમાં ગુજરાતના પડોશી રાજ્યમાંથી પણ દર્દીઓ સારવાર અર્થે આવે છે અને તે તમામને શ્રેષ્ઠ સારવાર મળી રહી હોવાનું નિતિનભાઈ પટેલે ઉમેર્યુ હતું.

# અહેમદ પટેલની ગુજરાતમાં દફનવિધિની તૈયારીઓ શરૂ

## ભરુચના પીરામણ ગામમાં શોકનો માહોલ : કોંગ્રેસને નેતાનો મૃતદેહ આજે વતનમાં લાવવામાં આવશે

અમદાવાદ,તા.૨૫

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા, ટ્રબલશૂટર અને રાજ્ય સભાના સાંસદ અહેમદ પટેલનું ૭૧ વર્ષની વયે વહેલી સવારે નિધન થયું છે. તેમના નિધનથી કૉંગ્રેસ પાર્ટીને મોટી ખોટી પડી છે. તેમના નિધનના સમાચાર પર તમામ લોકોએ પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. બીજી તરફ તેમના નિધનથી તેમના માદરે વતન એવા પીરામણ ગામના લોકો શોકમય છે. અહેમદ પટેલના નિધનના સમાચાર મળતા જ તેમના ગામમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામના લોકોએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, અહેમદ પટેલે ગામ માટે ઘણું કર્યુ છે. તેઓ નાનામાં નાના માણસનું સાંભળતા હતા. અહેમદ પટેલની અંતિમ ઈચ્છા હતી કે તેમની દફનવિધિ તેમના ગામ પીરામણ ખાતે જ કરવામાં આવે. જેને ધ્યાનમાં રાખીને ગામના કબ્રસ્તાનમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અહેમદ પટેલની ઈચ્છા હતી કે તેઓને તેમના માતા-પિતાની કબરની બાજુમાં દફન કરવામાં આવે. તેઓને તેમના માતા હવાબેન અને પિતા મહંમદભાઈની કબર નજીક દફન કરવા માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

કૉંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલના દુ:ખદ અવસાનને લઈને નવસારી ખાતે રહેતા તેમના બહેન મેમુનાબેન ઈકબાલ ઉનીયાના ઘરે શોકનો માહોલ છવાયો છે. નિધનના સમાચાર બાદ અહેમદ પટેલના બહેન મેમુનાબેન ઈકબાલ ઉનીયા પોતાના વતન પીરમણ જવા રવાના થયા છે. અહેમદ પટેલનું નિધન થયું છે ત્યારે તેઓએ દત્તક લીધેલા વાંદરી ગામ ખાતે પણ શોકનો માહોલ છે.

# મોડાસા આઈટીઆઈ પાસે હીટ એન્ડ રનની ઘટના : ૧ ઈજાગ્રસ્ત

## કારચાલક બાઈકને ટક્કર મારી ફરાર, બાઈકચાલક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત, લોકોમાં રોષ







મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં હીટ એન્ડ રનની ઘટનાઓ સતત બની રહી છે ત્યારે વધુ એક હીટ એન્ડ રનની ઘટના મોડાસા શહેરના માલપુર રોડ પર બની હતી, જેમાં કારચાલકે બાઈકને અડફેટે લઈ કાર લઈ ફરાર થઈ ગયો હતો. બાઈકસવાર યુવક રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હીટ એન્ડ રનની ઘટનાના પગલે લોકો દોડી આવ્યા હતા. અકસ્માતની ઘટનાનો ભોગ બનેલ યુવકને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો. મોડાસા શહેરમાં કાર ચાલકો અને સ્પોર્ટ બાઈક ચલાવતા યુવકો રમરમાટ પસાર થતા હોવાથી છાસવારે નાના મોટા અકસ્માતની ઘટનાઓ સર્જાતી હોવાથી પોલીસતંત્ર લાલ આંખ કરે તે ખુબ જરૂરી બન્યું છે.

મંગળવારની રાત્રીના ૯ વાગ્યાના સુમારે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ આઈટીઆઈ નજીક બાઈક લઈ પસાર થતા જીગ્નેશ રાવળ નામના યુવકની બાઈકને કારે ટક્કર મારતા બાઈક ચાલક યુવક જીગ્નેશ રાવળ રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા રોડ પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. અકસ્માત સર્જી કારચાલક ફરાર થઈ ગયો હતો, કારે બાઈકને ધડાકાભેર ટક્કર મારતા આજુબાજુથી મોટી સંખ્યામાં લોકો દોડી આવી ઈજાગ્રસ્ત બાઈકચાલકને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખસેડ્યો હતો જ્યાં યુવકની સ્થિતી સ્થીર હોવાની માહીતી પ્રાપ્ત થઈ હતી. હીટ એન્ડ રનની ઘટનાને પગલે લોકોમાં ભારે રોષ પ્રવર્તી ઉઠ્યો હતો અને બેફિકરાઈથી વાહન હંકારતા અને નિર્દોષ લોકોને અડફેટે લેતા વાહનચાલકો સામે પોલીસ શખ્ત કાર્યવાહી કરે તેવી માંગ પ્રબળ બની છે.

# ભારતમાં લોકશાહીના મૂલ્યોનું કાળજીપૂર્વક જતન : બિરલા

અમદાવાદ,તા.૨૫

નર્મદા જિલ્લાના કેવડિયા



ખાતે ટેન્ટ સિટી -૨ માં આયોજીત અખિલ ભારતીય પીઠાસીન અધિકારીની પરિષદમાં ૭૧માં બંધારણ દિવસના અનુસંધાને ભારતીય બંધારણ પર વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું ઉદઘાટન. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાજીએ કર્યું હતું. આ પ્રદર્શનમાં ભારતમાં લોકશાહી મૂલ્યોનું સદીઓથી કેવી રીતે જતન કરવામાં આવ્યું છે તેની પ્રસ્તુતિ કરાઈ છે.

દેશમાં ઋગવેદકાળથી કેવી રીતે જનપદ, મહાજનપદ, ગણ અને મહાગણ જેવા વિવિધ શાસન સ્વરૂપ થકી કેવી રીતે શાસનમાં જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવતી હતી, તે અંગેની રસપ્રદ વિગતો પણ પ્રદર્શિત કરવામાં આવી છે.

પ્રદર્શનમાં સ્લાઈડ શો તેમ જ પોસ્ટર્સ, બેનર્સ દ્વારા ભારતીય બંધારણના વિવિધ પાસાઓની માહિતી પ્રદર્શિત કરવામાં આવી છે. પ્રદર્શનમાં લગભગ દોઢસોથી વધુ સ્લાઈડ દ્વારા ભારતીય બંધારણના વિવિધ પાસાઓ રજૂ કરવામાં આવ્યા હતા. બંધારણ સભાના પ્રારુપ સમિતિના અધ્યક્ષ ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિએ, ૨૬ નવેમ્બર, ૨૦૧૫થી દેશમાં સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવે છે, તેને અનુલક્ષીને આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગુજરાત હાઈકોર્ટ ખાતે ૧૨મીએ ઈ-લોકઅદાલત

## વિવિધ ૧૩ પ્રકારના કેસો પર લોક અદાલતમાં સુનાવણી હાથ ધરાશે

અમદાવાદ,તા.૨૫

કોરોનાકાળ વચ્ચે ગુજરાત હાઈકોર્ટમાં ૧૨મી ડિસેમ્બરના રોજ ઈ-લોક અદાલત યોજાશે. નેશનલ લોક અદાલત યોજવા મુડેની તમામ જીંનું પાલન કરવામાં આવશે. નેશનલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, નાણાકીય રિકવરીના કેસ, વળતર અને લેબર વિવાદને લગતા સહિત ૧૩ પ્રકારના કેસો પર લોક અદાલતમાં સુનાવણી હાથ ધરવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટમાં યોજવનાર ઈ-લોક અદાલતમાં ભાગ લેનાર પક્ષકારોએ ૫મી ડિસેમ્બર પહેલા ઈમેલ મારફતે હાઈકોર્ટ લીગલ સર્વિસ કમિટીનો સંપર્ક કરવાનો રહેશે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિકર્મનાથ અને જસ્ટિસ આર.એમ છાયાના માર્ગ દર્શન હેઠળ લોક અદાલત યોજાશે. ઓનલાઈન માધ્યમથી કેસની સુનાવની હાથ ધરવામાં આવશે. લોક અદાલત સમક્ષ સમાધાનના કિસ્સામાં બંને પાર્ટી કોર્ટ રિફંડ મેળવવા હકદાર રહેશે. ઈ-લોક અદાલતને લગતી તમામ કેસનું ડિજિટલ રેકોર્ડ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

કોરોનાકાળમાં અગાઉ પણ સપ્ટેમ્બર મહિનામાં યોજાયેલી ઈ-લૉક અદાલતમાં ૧૦ હજાર જેટલા કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો. ઈન્શ્યોરન્સ કંપની અને કેટલાક સરકારને લગતા કેસોમાં ૧૯૧ કરોડ રૂપિયાનું સમાધાન થયું હતું. અમદાવાદ મેટ્રો કોર્ટમાં સૌથી વધુ ૧૧૮૮ કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો.જ્યારે અમદાવાદ મિર્ઝાપુર ગ્રામ્ય કોર્ટમાં ૧૩૬૧ કેસ સમાધાન માટે મુકવામાં આવ્યા હતા જે પૈકી ૪૩૩ જેટલો કેસનો નિકાલ કરવામાં આવ્યો છે. મોટાભાગના કેસ વાહન અકસ્માત વીમાના હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

# ઈડરમાં બપોરના ૪ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રહેશે

ઈડર, તા. ૨૫

રાજ્યમાં કોરોના તેનો કહેર બતાવી રહ્યો છે. ત્યારે હવે તંત્ર હરકતમાં આવી છે. આ વચ્ચે કોરોના સંક્રમણ અટકાવવા વેપારીઓ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ઈડરમાં આજથી ૪ વાગ્યા સુધી દુકાન ખોલવામાં આવશે. વધતા કોરોના વચ્ચે ઈડરના વેપારીઓ દ્વારા ૯ ડિસેમ્બર સુધી ઈડરમાં બપોર સુધી દુકાનો ખોલશે, તેમજ ૪ વાગ્યા બાદ મેડિકલ સિવાયની દુકાનો બંધ રહશે. મળતી માહિતી અનુસાર ઈડરમાં કોરોના સંક્રમણ વધતું અટકાવવા બપોર બાદ બજાર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે વેપારીઓ અને પ્રાંત અધિકારીની મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ૨૫ નવેમ્બર થી ૯ ડીસેમ્બર સુધી ઈડર બજાર ૪ વાગ્યા સુધીજ ચાલુ રહેશે. ૪ વાગ્યા બાદ મેડિકલ સિવાયના તમામ ધંધા રોજગાર બંધ રહેશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં કોરોનાએ ફરીથી તેનં રૌદ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કર્યું છે. તંત્ર દ્વારા લોકોને માસ્ક પહેરવા તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા અપીલ કરવામાં આવી રહી છે.

### ગાઈડલાઈન જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્કિંગ અવર અલગ-અલગ સમય પર કરવાની સલાહ આપવામાં આવી છે, જેથી એક જ સમયે વધુ કર્મચારીઓ ન આવે.

એક રાજ્યમાંથી બીજા રાજ્ય કે કોઈ રાજ્યની અંદર જ લોકો અને માલ-સામાનની અવર-જવર પર કોઈ રોક નહીં રહે. અવર-જવર કરવા માટે કોઈ પણ પ્રકારની મંજૂરી/ઈ-પરમિટની જરૂર નહીં પડે.

વધુ જોખમવાલા લોકો જેવા કે ૬૫ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓ, પહેલેથી કોઈ ગંભીર બીમારીથી પીડિત લોકો, ગર્ભવતી મહિલાઓ, ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઘરોમાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે. જ્યાં સુધી તદન જરૂરી ન હોય, તેમને બહાર ન નીકળવાની સલાહ અપાઈ છે.

રાજ્ય સરકારોને એ સુનિશ્ચિત કરવા કહેવાયું છે કે, લોકો માસ્ક પહેરે, હેન્ડ સેનિટાઈઝ કરે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરે. માસ્ક ન પહેરનારા પર રાજ્ય સરકાર પોતાના હિસાબે દંડ નક્કી કરી શકે છે. ભીડવાળા વિસ્તારો ખાસ કરીને બજારો, સાપ્તાહિક બજારો અને પબ્લિક ટ્રાન્સપોર્ટમાં સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન પર નજર રાખે. જાહેર સ્થળો પર થૂંકવા પર દંડ લાગશે. જ્યાં સુધી શક્ય હોય વર્ક ફ્રોમ હોમ પર ભાર રહેવો જોઈએ.

### જેલમાંથી ખેલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

યાદવના અવાજમાં વાત કરનારા ઘણાં લોકો છે. આ સુશીલ કુમાર મોદીનો પ્રોપેગેન્ડા છે. સુશીલ મોદી પોતાની બેરોજગારી દૂર કરવા માટે લાલુ પ્રસાદ યાદવનું નામ ઉછાળી રહ્યા છે.

જેડીયુ નેતા અજય આલોકે કહ્યું કે લાલુ પ્રસાદ યાદવ માટે આ નવી વાત નથી. તેઓ કાયદાનું ઉલ્લંઘન થતું હોય તેવું કામ કરે છે. ઓડિયો કેટલો સાચો છે એ તો પછી વાત છે, પરંતુ એ વાતનો ઈનકાર ના કરી શકાય કે લાલુ પ્રસાદ યાદવ ચૂંટણી દરમિયાન જેલના નિયમોને તોડીને રાજકારણ કરે છે.

### અલગ નાતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યકોરને સ્મિત, નમસ્તે અને ખભે હાથ મુકી વાત કરતા નેતાઓમાં હતા. ગાંધીનગર સિવિલમાં તેમણે એમ્બ્યુલન્સ આપી હતી.

કોરોનાના આ કપરા દિવસોમાં પણ તેમણે પત્રકાર જગતના સપડાયેલા સૌને ફોન કરી તેમની તબિયત અંગે પૃચ્છા કરી હતી.

સ્વ. અહમદ પટેલનો આજે મોડી રાત્રે પાર્થિવ દેહ ગુજરાત આવી પહોંચ્યો છે. તેમના દુ:ખદ નિધન બાદ તેમની અંતિમ વિધિ તેમના વતન ભરૂચ ખાતે આજે સવારે ૧૦ વાગે કરવામાં આવશે.

સ્વ. પટેલના નિધન અંગે ધર્મ, સામાજિક સંસ્થાઓ, રાજકીય આગેવાનો વગેરે દ્વારા શોકાંજલિઓ આપવામાં આવી રહી છે. આજે જિલ્લા કોંગ્રેસ દ્વારા એક ખાસ પ્રાર્થના સભાનું આયોજન પણ સવારે ૧૦ વાગે કરવામાં આવ્યુ છે. તેમ જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયુ છે.

### ચોપડે નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૭૮, તાવમાં ૨૮૨, મરડો અને ડાયેરિયાને કારણે ૧૧, બ્રોન્કાઈટીસ અને અસ્થમાને કારણે ૩૪૨, પરિવહન અકસ્માત અને અન્ય અકસ્માતમાં ૨૦૦ વ્યક્તીના મોત થયા હતા.

હાર્ટએટેકને કારણે ૮૯૬ વ્યક્તીના મોત થયા હતા. ઈજાઓને કારણે ૨૯૫, અન્ય રોગના ૧૫૨૧, અન્ય ન દર્શાવેલ રોગને કારણે ૪૬૮૯ વ્યક્તીના મોત થયા હતા.

આ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૦ થી ૧ વર્ષના ૨૮૩ ભુલકાઓના મોત થયા હતા. ૧ થી ૪ વર્ષની વયના ૩૭ બાળકોના મોત થયા હતા. ૫ થી ૧૪ વર્ષની વયના ૧૦૫ બાળકોના, ૧૫ થી ૨૪ વર્ષના યુવકોના ૩૯૨, ૨૫ થી ૨૩ વર્ષીય યુવકોના ૫૪૯, ૩૫ થી ૪૪ વર્ષની વયના ૮૬૨ લોકોના મોત થયા હતા.

૪૫ થી ૫૪ વર્ષની વય ૧૨૯૯ વ્યક્તીના, ૫૫ થી ૬૪ વર્ષની વયના ૧૯૫૧ વ્યક્તીના, ૬૫ થી ૬૯ વર્ષની વયના ૧૧૫૮ અને ૭૦ થી વધારે વય ધરાવતા ૪૫૨૮ વ્યક્તીના તેમજ આયુ નહિ દર્શાવાયેલા ૧૫૭ વ્યક્તીના મોત નોંધાયા હતા.

### ૭૧ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૯૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં ૨૭૪૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં ૧૪,૭૧૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ મહિલા દર્દીઓ છે. પાંચ દર્દીઓ મોટીવયના છે.

ગાંધીનગર શહેરમાં આજે ૩૬ કેસ નોંધાયા છે. જેમાં ૧૫ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૧૦ દર્દીઓ મોટી વયના છે. આજે નોંધાયેલા ૩૬ દર્દીઓમાંથી ૩ દર્દીઓને યુ.એન. મહેતા હોસ્પિટલમાં તો પાંચ દર્દીને સિવિલમાં અને એક દર્દીને સેલ્બી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૧૯૦ થી વધુ છે.

સે. ૭ માંથી આજે પાંચ, સે. ૩-એન્યુ માંથી ૪, સે. ૩, ૬, ૨, ૨૯ અને ૨૬ માંથી ૩-૩ તો સે. ૩ માંથી, જીઈબીમાંથી, ૩૦ માંથી અને સે. ૧૪ માંથી ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૨૨, પાલજ, સે. ૧૭, સે. ૨૮ માંથી પણ કેસો મળી આવ્યા છે.

સે. ૩ માં એક જ પરિવારમાં એક સાથે ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૭ અને સે. ૨૬ માં દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે.

શહેરમાં આજે ૮૦૦ થી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે.

### તમાચારૂપ છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાઈમાં ગરકાવ થઈ રહ્યા હોવાનો અફસોસ પણ વડીલોના રોષનુ કારણ બન્યો છે. ભદ્ર સમાજના સભ્યોને તો તેમની ડ્રેસીંગ સેન્સ સામે પણ વાંધો છે. હાથમાં સિગરેટ પકડીને મોડી રાત સુધી યુવકો સાથે આંટા મારતી યુવતિઓના લીધે પણ શિક્ષિત સભ્યોનુ મોં વંકાયુ છે.

પરંતુ એ વાતને નજર અંદાજ કરીએ તો સિગરેટ અને ચા ની ચુસ્કી વચ્ચે ગમે ત્યારે ગુનાહીત માનસ જાગૃત થઈ જતા ક્રાઈમ સીન ક્રીએટ થઈ જાય છે.. અને આ બાબત પોલીસ અને નગરજનો બન્ને માટે ઘેરી ચિંતાનો વિષય છે. થિયેટર્સ અને ફિલ્મો બંધ છે ત્યારે વેબ સિરીઝના વાયરા વચ્ચે હાથમાં સિગરેટ પકડીને કસ લેતા યુવાનો ગુન્હો આચરવામાં ગમે ત્યારે ફીલ્મી બની જાય છે.

પોલીસ તંત્ર માટે પણ આ શરમજનક બાબત છે. એક તો આખી રાત લુખ્ખાઓના અડ્ડા ધમધમે અને ગમે ત્યારે હીંસક બનીને નગરની શાંતિ ડહોળવાનો ઈજારો પણ તેમને સોંપી દેવાયો હોય તેમ ખાખીનો જરા પણ ખોફ રાખ્યા વિના કાયદાની ઐસી તૈસી કરતા તત્વોને હવે કાબુમાં લેવાનો સમય પાકી ગયો છે. ગાંધીનગરના સેકટરોની સાથે ન્યુ ગાંધીનગરના આ નવવિકસિત વિસ્તારમાં અવારનવાર ક્રાઈમ ક્રીએટ થાય છે . શહેર બહાર પણ આ પ્લેસ એટલા પંકાયેલા છે કે અહીં બહારથી આવતા તત્વોની સંખ્યા પણ વધી રહી છે. બિન્દાસ્ત બનતા ગુનાખોરોને હવે પોલીસ પેટ્રોલીંગ કે પહેરાનો કોઈ જાણે કોઈ ખૌફ રહ્યો નથી. હા પરંતુ લાયસન્સ વિના કે ટ્રીપલ સવારી નિકળેલા વાહન ચાલકો કે નગરમાં મોડીરાતે બહાર લટાર મારતા હોય તેવા સુજ્ઞ નાગરિકોને ટકોર કરવાનુ ન ચુકતી પોલીસે હવે લુખ્ખા તત્વોને ગિરફતમાં લેવા માટે સાચા અર્થમાં સિંઘમ બનવુ પડશે.